# विपश्यना

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2560 ❖ અષાઢ પૂર્ણિમા ❖ 9 જુલાઈ 2017 ❖ વર્ષ – 18 ❖ અંક – 4 ❖ સળંગ અંક - 208



## ધમ્મવાણી

**न मुण्डकेन समणो अब्बतो अलिकं मणं ।**
**इच्छा लोभ समापन्नो समणो किं भविस्सति ।।१।।**
**यो च समेति पापानि अणुं थूलानि सब्बसो ।**
**समितत्ता हि पापानं समणो ति पवुच्चति ।।२।।**
**–धम्मपद**

જે માણસ વ્રતનિયમ વગરનો હોય અને અસત્ય બોલતો હોય, તે ફક્ત માથે મુંડો કરાવવાથી શ્રમણ ન થઇ શકે. લોભ અને લાલચવાળો માણસ શી રીતે શ્રમણ થઇ શકે ? ।।૧।।

જેણે પોતાનાં નાનાં મોટાં તમામ પાપોને બધી રીતે શમાવી દીધા છે, તે જ માણસ શ્રમણ થઇ શકે છે. 'સમણ' એટલે જ શમન; પાપોને શમાવી દેવાથી જ સમણ–શ્રમણ કહેવાય છે. ।।૨।।

## દુઃખનિવારક સુખપ્રસારક બુદ્ધ

રાજકુમાર સિદ્ધાર્થ ગૌતમ દ્વારા ગૃહ ત્યાગવાના પ્રસંગને લઈને આ એક આલોચનાભરી ટિપ્પણી સામે આવી–

"સંન્યાસીઓમાં જે લોકો બીજાના ઉપકાર માટે ઘર છોડી નીકળે છે, એમનું બહાર નીકળવું સાર્થક છે.... "

"ગૌતમ સિદ્ધાર્થ સત્યની શોધમાં સંસાર છોડીને નીકળી પડ્યા હતા. એ જ કારણે તેમનું ઘર છોડવું બિલકુલ યુક્તિયુક્ત ન હતું."

એનો અર્થ એ થયો કે ગૌતમ સિદ્ધાર્થે બીજાઓના ઉપકાર માટે ઘર નથી છોડ્યું. કેવળ સત્યને વિષે પોતાનું કુતૂહલ પૂરું કરવા માટે ઘર છોડ્યું. અથવા એ માની લઈએ કે તેમણે કેવળ પોતાના ઉપકારને માટે ઘર છોડ્યું, માટે તેમનું ઘર છોડવું સાર્થક ન હતું, યુક્તિયુક્ત ન હતું. આ ટિપ્પણી વાંચીને દુઃખદ આશ્ચર્ય થયું કે આપણા દેશના પ્રખર બુદ્ધિશાળી લોકોના માનસમાં પણ બુદ્ધના જીવનની વાસ્તવિકતાઓના સંદર્ભમાં કેટલી બધી ભ્રાન્તિઓ સમાયેલી છે. સ્પષ્ટ છે કે દેશમાં મૂળ બુદ્ધવાણી લુપ્ત થઈ જવાનું જ આ દુઃખદ પરિણામછે. બુદ્ધવાણીના અધ્યયનથી એવી નિરાધાર ભ્રાંતિઓ આપોઆપ દૂર થઈ જાય છે.

રાજકુમાર સિદ્ધાર્થ ગૌતમે ઓગણત્રીસ વર્ષની યુવાનવયે જ્યારે જરા, વ્યાધિ અને મૃત્યુની સચ્ચાઈઓ જોઈ ત્યારે તે એટલા માટે વ્યાકુળ નથી થયા કે એક દિવસે તેમની પણ આ જ દશા થવાની છે. વાસ્તવિકતા એ છે કે તેમના મનમાં સૌ પ્રાણીઓ પ્રત્યે કરુણા જાગી કેમકે તેમણે જાણ્યું કે જન્મ લેનારાં બધાં પ્રાણી આ દુઃખોમાંથી પસાર થાય છે. પ્રશ્ન મનમાં એ ઊઠ્યો કે શું આ દુઃખોથી છુટકારો પામવાનો કોઈ ઉપાય છે? સાથે સાથે મનમાં એ વિશ્વાસ પણ જાગ્યો કે :

**यथापि दुक्खे विज्जन्ते, सुखं नामा 'पि विज्जति ।**

– જ્યાં આટલાં દુઃખ વિદ્યમાન છે, ત્યાં (પરમ) સુખ પણ વિદ્યમાન છે જ.

**एवं एव जाति विज्जन्ते, अजाती 'पि इच्छितब्बकं ।**

– જ્યાં (વારંવારનો) જન્મ વિદ્યમાન છે, ત્યાં વાંછિત અજન્માવસ્થા પણ વિદ્યમાન છે જ.

**एवं किलेस परिरुद्धो, विज्जमाने सिवे पथे ।**

એવી જ રીતે પાપજન્ય ક્લેશોથી ઘેરાયેલાઓ માટે મંગલમયી મુક્તિનો પથ પણ વિદ્યમાન છે જ.

**परियेसिस्सामि तं मग्गं भवतो परिमुत्तिया ।**

– મારે એ જ માર્ગની શોધ કરવી છે, જે ભવસંસરણથી મુક્તિ અપાવે છે.

મુક્તિપથની આ શોધ (ગવેષણા) કેવળ પોતાના માટે જ નહિ, પરંતુ સંસાર–સંસરણથી ઉત્પીડિત બધાં પ્રાણીઓ માટે હતી.

**किं मे एकेन तिण्णेन, पुरिसेन थामदस्सिना ।**
**सब्बञ्ञुतं पापुणित्वा, सन्तारेस्सं सदेवकं ।।**

– વિપુલ પુરુષાર્થથી સત્ય દર્શન કરીને મારા એકલાના તરી જવાથી શું થશે ? હું સમ્યક્ સંબોધિની સર્વજ્ઞતા પ્રાપ્ત કરીને અનેક દેવ–મનુષ્યોના તારવામાં સહાયક બનું.

આવા ઉદાત્ત ભાવો તેમના મનમાં જાગવા સ્વાભાવિક હતા, કારણ કે એ જ ભાવો અનેક જન્મોથી તેમના માનસમાં સમાયેલા હતા. આ શુભ સંકલ્પના કારણે જ તે અસંખ્ય કલ્પો સુધી બોધિસત્ત્વના રૂપમાં ભવભ્રમણ કરતા આવ્યા હતા અને પ્રત્યેક જન્મમાં તત્કાલીન પ્રાણીઓના હિત-સુખમાં સંલગ્ન રહીને પર્યાપ્ત માત્રામાં પોતાની બધી જ પારમિતાઓ પરિપૂર્ણ કરી રહ્યા હતા.

હવે એ બોધિસત્ત્વનો આ અંતિમ જન્મ હતો. સંબોધિ જગાડીને તેમણે પોતાની જાતને ભવમુક્ત કરવાની હતી તથા અન્યોની મુક્તિમાં સહાયક બનવાનું હતું. એ ખરું કે પોતાની જાતને મુક્ત કરવી તેની પ્રાથમિક આવશ્યકતા હતી. જે સ્વયં અંધ હોય, તે બીજા અંધને કેવી રીતે રસ્તો બતાવી શકશે ? જે સ્વયં લંગડો હોય તે બીજા લંગડાને કેવી રીતે સહારો આપી શકશે ? જે સ્વયં બંદી હોય તે અન્ય બંદીઓને કેવી રીતે મુક્તિનો માર્ગ બતાવી શકશે ? તેથી ગૃહત્યાગનો હેતુ

પરમસત્યને જાણવાના કુતૂહલને પૂરું કરવાનો ન હતો અને ન તો માત્ર પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાનો હતો, ઊલટાનું અનેકોના હિત–સુખ કાજે હતો. આ સચ્ચાઈને જાણ્યા–સમજ્યા વિના બોધિસત્ત્વ સિદ્ધાર્થ પર વ્યંગ કરવો કેટલું દુર્ભાગ્યપૂર્ણ કહેવાય !

તેમને એટલા માટે પણ લાંછિત કરવામાં આવ્યા કે તેમણે પરમસત્યની ખોજ અર્થે ઘર શા માટે છોડ્યું ? એ સાચું છે કે પરમસત્ય **સર્વાનુસ્યૂત** છે – સૌની પોતાની સાથે જ જોડાયેલું છે. પરંતુ પોતાની ભીતરના એ પરમસત્યનો સાક્ષાત્કાર કરવાની વિધિ તો લુપ્ત થઈ ચૂકી હતી. એ વિધિની શોધ માટે ઘર છોડવું આવશ્યક હતું. જો આ મુક્તિદાયિની વિપશ્યના વિદ્યા તે સમયે જળવાયેલ હોત તો તેને શોધવાની આવશ્યકતા ન હોત. પરંતુ, કોઈ સમ્યક્ સંબુદ્ધ એ જ કાળમાં ઉત્પન્ન થાય છે, કે જ્યારે સંસારમાંથી વિપશ્યના વિદ્યા નિતાંત વિલુપ્ત થઈ ચૂકી હોય છે. કેવળ પહેલાથી આઠમા સુધીનાં લૌકિક ધ્યાન રહી ગયાં હોય છે. તે પણ સર્વાનુસ્યૂત છે, તેથી ભ્રાંતિ પેદા કરે છે. લોકો તેમાંના કોઈ એકના સુખને, આજની ભાષામાં આનંદને પરમસુખસ્વરૂપ માનીને સંતુષ્ટ રહે છે. ઇન્દ્રિયાતીત લોકોત્તર અવસ્થા સુધી પહોંચાડનારી વિપશ્યના વિદ્યા વિલુપ્ત થઈ જાય છે. બોધિસત્ત્વ પોતાના પરિશ્રમ, પુરુષાર્થ દ્વારા તેને ફરીથી શોધી કાઢે છે.

આ હકીકત પણ ધ્યાન આપવા યોગ્ય છે કે બોધિસત્ત્વ સિદ્ધાર્થ ગૌતમે જીવન જગતની આ ત્રણ દુઃખદ સચ્ચાઈઓને જોયા પછી એક શ્રમણને પણ જોયો. કોઈ શાંત–ચિત્ત શ્રમણને જોઈને રાજકુમારે તેની સાથે આ વિષય પર કોઈ વાર્તાલાપ ન કર્યો, એ કેવી રીતે સંભવ છે ? રાજકુમારે તે શ્રમણ પાસેથી એ જાણ્યું હશે કે પરમમુક્ત અવસ્થા ક્યાંય બહાર નથી મળતી. એ તો પોતાની ભીતર જ છે. પરંતુ તેને પ્રાપ્ત કરવાની ધ્યાન–વિધિ જાણ્યા વગર એ અવસ્થા સુધી કોઈ પહોંચી નથી શકતું. ઘેર બેઠાં આ વિદ્યા પ્રાપ્ત નથી થઈ શકતી. તેની શોધ માટે તે સમયના શ્રમણ પરંપરાના જે કોઈ આચાર્યો હતા તેમની પાસે જઈને તે શીખવી આવશ્યક હતી. આ શ્રમણ પણ સ્વયં આ જ પ્રયત્નમાં લાગેલો હતો.

કપિલવસ્તુ પર શ્રમણ પરંપરાનો ઘેરો પ્રભાવ હતો. આ કલ્પના ત્રણ પૂર્વ બુદ્ધોમાંથી બે સમ્યક્ સંબુદ્ધ કકુસ્સંધ અને કોણાગમનના સ્તૂપ ત્યાં વિદ્યમાન હતા. શ્રમણ પરંપરાની વિપશ્યના વિદ્યા તો અવશ્ય લુપ્ત થઈ ચૂકી હતી, પરંતુ ધ્યાનની પરંપરા કાયમ હતી. શાક્ય દેશની પૂર્વ તરફ અને કાલામ ગણતંત્રના આચાર્ય અલાર કાલામ આ વિદ્યાના પ્રસિદ્ધ માર્ગદર્શક હતા. એમનું એક કેન્દ્ર કપિલવસ્તુમાં પણ હતું. પણ મુખ્ય કેન્દ્ર મગધમાં હતું. તપસ્વી શ્રમણ પાસેથી રાજકુમારને એની ખબર પડી હશે કે આચાર્ય અલાર કાલામ અત્યારે મગધ સ્થિત પોતાના મુખ્ય કેન્દ્રમાં વિહાર કરી રહ્યા છે. એમની પાસેથી અંતર્મુખ થવાની વિદ્યા શીખવા માટે તેમને ઘર છોડવું આવશ્યક હતું. રાજકુમારે ઘર ત્યજીને મગધમાં તેમની પાસે સાતમું ધ્યાન શીખ્યું. તેનાથી ધ્યાનસુખ મળ્યું. પરંતુ, નિતાંત મુક્ત અવસ્થા પ્રાપ્ત ન થવાને કારણે શ્રમણ સંસ્કૃતિના બીજા આચાર્ય ઉદ્દકરામપુત્તની પાસે જઈને તેમની પાસેથી આઠમું ધ્યાન શીખ્યા, પરંતુ તેનાથી પણ લક્ષ્યપૂર્તિ ન થઈ. ત્યારે છ વર્ષો સુધી દેહ–દંડનની કઠિન દુષ્કર ચર્યા કરી. એ પણ નિષ્ફળ રહી. તે પછી સ્વયં શોધ કરીને શીલ, સમાધિ અને પ્રજ્ઞાની આ આઠ અંગવાળી વિપશ્યના વિદ્યા શોધી કાઢી. એના દ્વારા સ્વયં ભવમુક્ત થયા, સમ્યક્ સંબુદ્ધ થયા. 'સમ્યક્ સંબોધિ'ની આ અવસ્થા શાસ્ત્ર–પઠનથી ઉપલબ્ધ ન થઈ, દાર્શનિક બુદ્ધિકિલ્લોલ દ્વારા ન મળી, કોઈ ગુરુજનો પાસેથી પણ પ્રાપ્ત ન થઈ. મુક્તિદાયિની વિપશ્યના વિદ્યા એ સમયે સંસારમાંથી લુપ્ત થઈ ચૂકી હતી. આથી બોધિસત્ત્વને સ્વયં પોતાના શ્રમથી આ વિદ્યા શોધવી પડે છે અને સિદ્ધાર્થ ગૌતમે એ જ કર્યું અને તેઓ સમ્યક્ સંબુદ્ધ બન્યા.

જ્યારે કોઈ વ્યક્તિ સમ્યક્ સંબોધિ પ્રાપ્ત કરી લે છે, તો તેનું હૃદય અનંત મૈત્રી અને અનંત કરુણાથી ભરાઈ જાય છે. આ કલ્યાણી વિદ્યાને તે વધુ ને વધુ સંખ્યામાં યોગ્ય પાત્રોને વહેંચવા ચાહે છે. આ જ કરુણ ભાવનાથી પ્રેરાઈને ગૌતમબુદ્ધે વારાણસીના મૃગદાય ઉપવનમાં જઈને કપિલવસ્તુથી આવેલા પોતાના પાંચ તપસ્વી સાથીઓને આ મુક્તિનો માર્ગ સૌપ્રથમ શીખવ્યો, જેનાથી તેઓ પણ અરહંત અવસ્થા પ્રાપ્ત કરીને, ભવમુક્ત થઈ પરમસુખલાભી બન્યા. એ પછી ત્રણ મહિનાના વર્ષાવાસમાં ત્યાં જ રહીને પંચાવન અન્ય મુમુક્ષુઓને આ જ મુક્તિના માર્ગનો અભ્યાસ કરાવીને એમને પરમભવમુક્ત અરહંત અવસ્થા પ્રાપ્ત કરી શકવામાં સહાયક બન્યા.

આમ જ્યારે સાંઈઠ અરહંત તૈયાર થઈ ગયા ત્યારે એમને **चरथ भिक्खवे चारिकं** નું ઐતિહાસિક ધર્મ – ઉદ્બોધન કર્યું. અનેકોને આ કલ્યાણી વિદ્યાનો લાભ મળે, એ માટે એમને પ્રેરિત કર્યા કે તેઓ –

**बहुजनहिताय, बहुजनसुखाय, लोकानुकम्पाय** – અનેકોના હિત માટે, અનેકોના સુખ માટે, લોકો પર અનુકંપા કરતાં કરતાં સ્થાન–સ્થાન પર વિચરણ કરો. કોઈ બે ભિક્ષુ એકસાથે ન જાય. બધા અલગ અલગ વિહાર કરે, અલગ અલગ સ્થાનો પર ધર્મચારિકા કરે કે જેથી અધિકમાં અધિક લોકોનું ભલું થાય. તેઓ અનેકોના હિત. સુખ માટે આદિમાં, મધ્યમાં અને અંતમાં કલ્યાણકારી પરમપરિશુદ્ધ અને પરમ પરિપૂર્ણ ધર્મ પ્રકાશિત કરે.

ધર્મનો આ શુદ્ધ માર્ગ શીલથી આરંભ થાય છે. જો કોઈ કેવળ એનો જ અભ્યાસ કરી લે તો આ જીવનમાં પણ સુખલાભી બની અને મરણોપરાંત દેવલોકમાં જન્મ લઈને દિવ્યસુખલાભી થાય. એ જો સમ્યક્ સમાધિનો પણ અભ્યાસ કરી લે તો આ જીવનમાં પણ ધ્યાનસુખલાભી થાય અને મરણોપરાંત બ્રહ્મલોકમાં જન્મ લઈને વિપુલ બ્રાહ્મીસુખલાભી થાય. અને જો એ પોતાની પ્રજ્ઞા જગાડીને સઘળા પૂર્વસંચિત કર્મસંસ્કારોનો ક્ષય કરી લે તો અહીં પણ જ્યારે ઇચ્છે ત્યારે ઉપાધિશેષ નિર્વાણિક નિરોધ સમાપત્તિનું અમિત સુખ પ્રાપ્ત કરે અને મરણોપરાંત ભવ–સંસરણનાં દુઃખોથી નિતાંત વિમુક્ત થઈને નિરુપાધિશેષ

પરિનિર્વાણના પરમસુખથી લાભાન્વિત થાય. આમ આદિ, મધ્ય અને અંતમાં કલ્યાણકારી – શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો આ આર્ય આષ્ટાંગિક માર્ગ સર્વથા પરિપૂર્ણ છે. એ અર્થમાં કે એમાં અન્ય કંઈ જોડવાની આવશ્યકતા નથી. એ નિતાંત પરિશુદ્ધ છે – એ અર્થમાં કે એમાંથી અશુદ્ધ માનીને કશું જ કાઢી નાખવાની આવશ્યકતા નથી.

આમ, જે વિદ્યાથી તે સાંઈઠ અરહંતો સ્વયં હિત–સુખલાભી થયા, તે વિદ્યાને તેઓ આજીવન અત્યંત કરુણચિત્તથી બહુજનોમાં વિતરણ કરતા રહ્યા. એમની સામે કેવળ એક જ લક્ષ્ય હતું – **बहुजनहिताय, बहुजनसुखाय**

સમ્યક્ સંબુદ્ધ સિદ્ધાર્થ ગૌતમે પોતાના જીવનનાં શેષ પિસ્તાળીશ વર્ષોમાં આવા હજારો અરહંત પ્રશિક્ષક તૈયાર કર્યા અને તેમના સિવાય સ્વયં પણ દૂર દૂર સુધીના જનપદોમાં શુદ્ધ ધર્મનો પરમશાંતિ સુખદાયક અમૃતરસ વહેંચવામાં લાગેલા રહ્યા. મહાકારુણિક બુદ્ધે પોતાનું શેષ જીવન અહર્નિશ સુખ વહેંચવા અને વહેંચાવવામાં જ લગાડ્યું. એમના પછી આ શ્રમણ પરંપરાએ સદીઓ સુધી લોકોને વિપશ્યનાનું મુક્તિસુખ વહેંચ્યું. બહુજનને સુખ વહેંચનાર આવા બહુજન હિતકારી બુદ્ધ પર જો આપણે એ લાંછન લગાવીએ કે એમણે પરોપકારના ઉદ્દેશથી ઘર નથી છોડ્યું અને જે પરમસત્ય એમને ઘેર બેઠા પોતાની ભીતર જ્ઞાત થઈ શકતું હતું, તેના માટે તેમણે વ્યર્થ જ ઘર છોડ્યું, તો આ પરંપરાના પૂર્ણ ઈતિહાસને અને બુદ્ધવાણી તથા વિપશ્યનાના સુખદ પરિણામને જાણનારા લોકો આપણને કઈ નજરથી જોશે ? આપણે આવી નિરાધાર લાંછન લગાડવાની ભૂલો સદીઓથી કરતા આવ્યા છીએ. પાડોશી દેશોના લોકોની સામે આપણે આપણી જાતને હાસ્યાસ્પદ બનાવતા જઈએ છીએ. સમય પાકી ગયો છે કે હવે હોશમાં આવીએ અને આવી ભૂલો ફરીથી ન કરીએ એમાં જ આપણું કલ્યાણ છે, આપણી પ્રતિષ્ઠા છે.

ભગવાન બુદ્ધ પર એ પણ એક લાંછન લગાવવામાં આવ્યું છે કે પોતાની સુંદરી યુવા પત્નીને, નવજાત શિશુને અને વૃદ્ધ માતા–પિતાને અશ્રુમુખ છોડીને, એમનું ગૃહ ત્યાગવું ઉચિત ન હતું. તેઓ એ ભૂલી જાય છે, કે ગૃહસ્થ જીવન જીવતા રહીને તેઓ જે સાંસારિક સુખ પ્રદાન કરી શકતા હતા, તેનાથી કંઈક ગણું અધિક અને અતુલનીય ભવવિમુક્તિનું પરમસુખ એમણે તેઓને પ્રદાન કર્યું. એમના પરિવારની એક પણ વ્યક્તિ આ વિમુક્તિસુખથી વંચિત નથી રહી. સામાન્ય સાંસારિક સુખની તુલનામાં વિકાર–વિમુક્તિનું સુખ કેટલું મહાન છે, એ તો વિપશ્યનાના ગંભીર અનુભવોથી પ્રત્યક્ષ જાણી શકાય છે.

**- કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**

## ધમ્મકોટ – એક દિવસીય શિબિર

**તારીખ :** ૨૦–૮–૨૦૧૭, રવિવાર તેમ જ

**તારીખ :** ૨૪–૯–૨૦૧૭, રવિવાર – પૂ. ગુરુજીની પૂણ્યતિથિ

**સમય :** સવારે ૯–૦૦ થી સાંજે ૫–૦૦

**નોંધ :** કેન્દ્ર ઉપર જવા–આવવા માટે નિઃશુલ્ક બસ સેવા રાખવામાં આવેલ છે. નામ નોંધાવવું જરૂરી છે, ફક્ત **મો.: ૭૮૭૮૭૨૭૨ ૨૩** ઉપર જ વોટ્સએપ / ફોન દ્વારા નોંધાવવું. બસનો રૂટ નીચે પ્રમાણે રહેશે.

**રૂટ :-** ૭.૩૦ કલાકે – રૈયા ચોકડી, ૭.૩૫ કલાકે – રૈયા ટેલીકોમ એક્સચેંજ, ૭.૪૦ કલાકે – કે.કે.વી. સર્કલ, ૭.૪૫ કલાકે – બીગ બઝાર, ૭.૫૦ કલાકે – નાના મવા ચોકડી, ૭.૫૫ કલાકે – મવડી ચોકડી, ૮.૦૦ કલાકે – ગોંડલ ચોકડી

**વધુ માહિતી માટે સંપર્ક :** ધમ્મકોટ કેન્દ્ર :
૦૨૮૧ – ૨૯૨૪૯૨૪, મો.: ૯૩૨૭૯ ૨૩૫૪૦

## ધમ્મસિંધુ – (બાડા કચ્છ)

ધમ્મસેવા વિશે જૂના સાધકો માટે ૧ દિવસીય સેમિનાર

**તારીખ :** ૨૯–૭–૨૦૧૭, શનિવાર, સવારે : ૧૦–૦૦ કલાક થી
**તારીખ :** ૩૦–૭–૨૦૧૭, રવિવર બપોરના ૨.૩૦ કલાક સુધી

ધમ્મસેવાની પારમિતા પુષ્ટ કરવા ઈચ્છતા સૌ જૂના સાધક ભાઈ–બહેનો ચોક્કસ આવશો.

**-:: સંપર્ક ::-**

**ધમ્મ સિંધુ : મો.: ૭૮૭૪૬૨૩૩૦૫**
**કુસુમબેન શાહ : મો.: ૯૦૯૯૦ ૧૩૮૧૧**

## ધમ્મપાલિ જૂના સાધકોનું સંમેલન

સ્નેહી, ધર્મબંધુ / બહેન,

**નિઃસ્વાર્થ સેવા (સ્વાર્થ રહિત સેવા) :**

નિઃસ્વાર્થ સેવા ધર્મના રસ્તે ચાલવા માટેનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે, એક અનિવાર્યતા છે. ધર્મની અદ્ભુત (દિવ્ય) વિધિ શીખવનાર પ્રત્યે અગાધ કૃતજ્ઞતાનો ભાવ તો જાગે જ છે. આવા સહૃદયતાપૂર્ણ અને કરુણાના ભાવોથી એવી ઈચ્છા ઉત્પન્ન થાય છે કે કેવી રીતે બીજાને દુઃખોથી વિમુક્તિ અપાવવામાં હું મદદ કરું.

ખરેખર તો બીજાની નિઃસ્વાર્થ સેવાથી જ આપણે આપણી (પોતાની) સેવા પણ કરીએ છીએ કેમ કે આનાથી દસેય પારમિતાઓનો (મહા સદ્ગુણોનો) વિકાસ થાય છે અને પોતાનો અહંકાર ઓગળે છે.

આવી ઉત્તમ ભાવના સાથે ધમ્મપાલિ પર સાધકોનું સંમેલન
**તા. ૦૫-૦૮-૨૦૧૭** **સવારે ૧૦-૦૦ કલાકે થી**
**તા. ૦૬-૦૮-૨૦૧૭** **સાંજે ૦૫-૦૦ કલાક** સુધીનું આયોજન કરેલ છે. આ સંમેલનનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. સાધના સેવામાં આપણે ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહીએ એ જ મંગલ કામના.

**-:: નામ નોંધાવવા માટે સંપર્ક ::-**

| | |
|---|---|
| **અજીતભાઈ** | **મો.: ૯૧૫૭૯૩૧૮૨૮** |
| **મીનાબેન શાહ** | **મો.: ૮૯૦૫૫૫૪૬૪૬** |
| **ધમ્મપાલિ કેન્દ્ર** | **મો.: ૯૭૧૪૯૧૦૯૧૩** |
| **અમરેલી-દ્વારકાદાસભાઈ** | **મો.: ૯૪૦૯૦૪૨૩૮૩** |

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૭-૧૮ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
Ph.: 0281-2924942,
M : 93279 23540,
E-mail : dhammakot@gmail.com

12-08 to 23-08-17
30-08 to 10-09-17
13-09 to 24-09-17
27-09 to 08-10-17
18-10 to 29-10-17
01-11 to 12-11-17
15-11 to 26-11-17
29-11 to 10-12-17

**ફક્ત જૂના સાધકો માટે**
**10 DAYS SPL.**
10-07 to 21-07-17
**3 DAYS**
24-08 to 27-08-17
12-10 to 15-10-17

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 78784 60961,
Mo : 95865 82660,
94281 60714,
98250 44536. E-mail : info@ambika.dhamma.org

12-08 to 23-08-17
29-08 to 09-09-17
10-09 to 21-09-17
27-09 to 08-10-17
24-10 to 04-11-17
05-11 to 16-11-17
21-11 to 02-12-17

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
02-08 to 10-08-17
**10 DAYS SPL.**
20-12 to 31-12-17
**3 DAYS**
24-08 to 27-08-17

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કીટિક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-223575,
M : 99745 75660
E-mail : info@sindhu.dhamma.org

30-07 to 10-08-17
16-08 to 27-08-17
29-08 to 09-09-17
21-10 to 01-11-17

**ફક્ત જૂના સાધકો માટે**
**3 DAYS**
12-08 to 15-08-17
09-09 to 12-09-17
**20 DAYS**
16-09 to 07-10-17
**30 DAYS**
16-09 to 17-10-17
**STP**
05-11 to 16-11-17

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ
રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
Ph.: 02714-294690,
M : 94264 19397
E-mail : info@pitha.dhamma.org

02-08 to 13-08-17
16-08 to 27-08-17
30-08 to 10-09-17
27-09 to 08-10-17
16-10 to 27-10-17
06-12 to 17-12-17
20-12 to 31-12-17
03-01 to 14-01-18
17-01 to 28-01-18

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
13-09 to 21-09-17
**30 DAYS**
30-10 to 30-11-17

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800, 254634, 252345
M : 94292 33000.
E-mail : info@divakara.dhamma.org

09-08 to 20-08-17
23-08 to 03-09-17
06-09 to 17-09-17
18-09 to 29-09-17
04-10 to 15-10-17
21-10 to 01-11-17
03-11 to 14-11-17
15-11 to 26-11-17
29-11 to 10-12-17
13-12 to 24-12-17
27-12 to 07-01-18

**ફક્ત જૂના સાધકો માટે**
**20 DAYS**
28-01 to 18-02-18

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail : dhammapali15@gmail.com

13-08 to 24-08-17
27-08 to 07-09-17
10-09 to 21-09-17

**ફક્ત જૂના સાધકો માટે** **3 DAYS**
06-07 to 09-07-17

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

11-08 to 22-08-17
29-10 to 09-11-17
**1 - DAY** - 09-07-2017
**3 - DAYS**
08-09 to 11-09-17

**નોંધ : શિબિરના દિવસે ધમ્મકોટ જવા માટે બપોરે : ૨.૩૦ કલાકે રાજકોટ-વિપશ્યના સિટિ ઓફિસથી વાહન મળશે.**

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

ધર્મ ન છાપે તિલક હૈં, ધર્મ ન તુલસી માલ ।
ધર્મ કમણ્ડલ મેં નહીં, ધર્મ નહીં મૃગછાલ ॥

ધર્મ ન દાઢી મૂંછ મેં, ધર્મ ન ઘોટમ ઘોટ ।
પનપે પાપ પ્રવંચના, ઈન ધોખોં કી ઓટ ॥

જટા જૂટ માલા તિલક, હુએ શીશ કે ભાર ।
ભેષ બદલ કર ક્યા મિલા ? મન કે મૈલ ઉતાર ॥

## દોહા ધરમના

ગલે માલ, માથે તિલક, ભરમ ધરમ કા હોય ।
ભેષ–ભુલાવે મેં પડે, ધરમ રતન દે ખોય ॥

સજે બગુલિયા ભગત જી, કપડે ધવલ કપૂર ।
પર મન ધવલ ન હો સકા, ભરા મૈલ ભરપૂર ॥

હોલી કા હુડદંગ હૈ, ફૂહડ જન કા ફાગ ।
અપની અપની ઢોલકી, અપના અપના રાગ ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 9 જુલાઈ 2017** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

**Weighs less than 30 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org